દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

રવિવાર ૨૨ નવેમ્બર, ૨૦૨૬

# ઝેરી દારૂની કાળી છાયા સામે તંત્ર પાંગળું જ પુરવાર થાય છે

ભારતમાં ગેરકાયદેસર અને ઝેરી દારૂના સેવનથી થતી મોતની ઘટનાઓ, જેને સામાન્ય રીતે 'લઠ્ઠાકાંડ' કહેવામાં આવે છે, તે દાયકાઓથી દેશના વિવિધ રાજ્યોમાં એક ઘાતક અને અટકાવી શકાય તેવી દુર્ઘટના બની રહી છે. સસ્તા નશાની લાલચ, ગેરકાયદેસર ભઠ્ઠીઓનું બેરોકટોક ચાલતું નેટવર્ક, ઔદ્યોગિક રસાયણોના દુરુપયોગ પર નબળી દેખરેખ અને કાયદાના અમલીકરણમાં રહેલી છટકબારીઓને કારણે હજારો નિર્દોષ નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આ માત્ર એક કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન નથી, પરંતુ ગરીબીના આર્થિક શોષણ, સામાજિક અસમાનતા અને પ્રશાસનિક જવાબદારીની ગંભીર કસોટી છે. અગાઉની ઘટના પરથી પોલીસ તંત્ર કે સરકારો કોઈ જ બોધ નથી લેતી તે મણીપુરમાં સાબિત થઈ ગયું છે. કારણ કે, મણીપુરમાં લઠ્ઠાકાંડમાં 15 લોકોનાં મોત થયા છે. જેની સંખ્યા વધી શકે તેમ છે.

લઠ્ઠાકાંડની ભયાનકતા તેના ઝેરમાં રહેલી છે. ગેરકાયદેસર રીતે તૈયાર કરવામાં આવતા કાચા દારૂમાં નફાખોરી વધારવા કે નશાની તીવ્રતા ઝડપથી લાવવા માટે ઘણીવાર મિથેનોલ કે સ્પિરિટ જેવા રસાયણો ભેળવવામાં આવે છે. મિથેનોલ એ ઔદ્યોગિક હેતુ માટે વપરાતું રસાયણ છે, જે માનવ શરીર માટે અત્યંત ઘાતક છે. તેના સેવનથી શરીરમાં ફોર્મિક એસિડ બને છે, જે દૃષ્ટિ છીનવી શકે છે, લીવર અને કિડનીને ગંભીર નુકસાન પહોંચાડે છે અને ટૂંકા સમયમાં જ મૃત્યુનું કારણ બને છે. જ્યારે આ ઝેર કોઈ વસાહત કે ગામમાં પહોંચે છે, ત્યારે તે એકસાથે અનેક ઘરોમાં માતમ ફેલાવે છે.

ભારતના વિવિધ ભાગોમાં બનેલી લઠ્ઠાકાંડની ઘટનાઓએ સમય-સમય પર સમગ્ર સમાજને હચમચાવી નાખ્યો છે.

ગુજરાતમાં દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં ભૂતકાળમાં રાજ્યમાં લઠ્ઠાકાંડની કરુણ ઘટનાઓ નોંધાઈ છે. ખાસ કરીને 2009નો અમદાવાદ લઠ્ઠાકાંડ રાજ્યના ઇતિહાસમાં એક કાળા ડાઘ સમાન રહ્યો, જેમાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા અને અનેક પરિવારો તૂટી ગયા હતા. ત્યારબાદ પણ વિવિધ વિસ્તારોમાં ઝેરી દારૂની ઘટનાઓએ કાયદાના કડક અમલીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

બિહાર અને ઉત્તર પ્રદેશની વાત કરીએ તો બિહારમાં દારૂબંધી લાગુ થયા બાદ પણ સારણ, છપરા, મોતિહારી સહિતના અનેક વિસ્તારોમાં ઝેરી દારૂના કારણે થયેલી મોતની ઘટનાઓએ દર્શાવ્યું કે માત્ર કાયદાની જાહેરાત પૂરતી નથી; તેના જમીની સ્તરના અમલમાં કચાશ રહે તો ગેરકાયદેસર સપ્લાય ચેઈન સક્રિય રહે છે. ઉત્તર પ્રદેશમાં પણ અલગ-અલગ સમયે ગેરકાયદેસર દારૂ અને સ્પિરિટના કારણે ડઝનબંધ લોકોના જીવ ગયા હોવાની ઘટનાઓ સામે આવી છે.

પંજાબ અને અન્ય રાજ્યોમાં ઉત્તર ભારતના રાજ્યોમાં પણ ગેરકાયદેસર દારૂ અને કેમિકલની હેરાફેરી સાથે જોડાયેલી મોટી દુર્ઘટનાઓ બની છે. 2020માં પંજાબના માઝા વિસ્તારમાં થયેલા લઠ્ઠાકાંડે 100થી વધુ લોકોનો ભોગ લીધો હતો, જેણે દેશભરમાં ચર્ચા જગાવી હતી. આ ઉપરાંત દેશના અન્ય પ્રદેશોમાં પણ સમયાંતરે આવી ઘટનાઓ પ્રકાશમાં આવતી રહી છે.

લઠ્ઠાકાંડનો સૌથી કરુણ પાસું તે પરિવારોની સ્થિતિ છે, જેમના ઘરનો આધાર છીનવાઈ જાય છે. મોટાભાગે મૃતકો શ્રમિક કે મજૂર વર્ગના હોય છે, જે પરિવારના એકમાત્ર કમાનાર વ્યક્તિ હોય છે. તેમના મૃત્યુ બાદઃ અનેક મહિલાઓ નાની વયે વિધવા બને છે અને પરિવારના ભરણપોષણનો બોજ તેમના માથે આવે છે. બાળકોના શિક્ષણ પર સીધી અસર પડે છે અને ઘણા કિસ્સામાં તેઓ નાની ઉંમરે કામધંધા તરફ ધકેલાય છે.

વૃદ્ધ માતા-પિતા માટે આર્થિક અને ભાવનાત્મક સહારો ગુમાવવાની સ્થિતિ સર્જાય છે.

દરેક લઠ્ઠાકાંડ બાદ સ્થાનિક સ્તરે ગેરકાયદેસર દારૂના અડ્ડાઓ કેવી રીતે ધમધમતા રહ્યા તે અંગે સવાલો ઊભા થાય છે. ઘટના બાદ તપાસ સમિતિઓ, બદલીઓ અને વળતરની જાહેરાતો થાય છે, પરંતુ કાયમી અને મૂળભૂત સુધારાની માંગ હંમેશા પ્રબળ રહે છે.

આ દુર્ઘટનાઓને અટકાવવા માટે માત્ર પ્રતિક્રિયાત્મક પગલાં પૂરતાં નથી, પરંતુ નિવારણાત્મક અને બહુઆયામી વ્યૂહરચના જરૂરી છે. ઔદ્યોગિક મિથેનોલ અને સ્પિરિટના ઉત્પાદન, સંગ્રહ અને પરિવહન પર ડિજિટલ અને કડક નિયંત્રણ હોવું જોઈએ, જેથી તે ગેરકાયદેસર ભઠ્ઠીઓ સુધી ન પહોંચે.

ગેરકાયદેસર દારૂના ઉત્પાદન, પરિવહન અને વેચાણમાં સંડોવાયેલા તત્વો સામે કડક કાયદાકીય કાર્યવાહી અને આર્થિક ફટકો (જેમ કે ગેરકાયદેસર મિલકત સામે કાર્યવાહી) અસરકારક સાબિત થઈ શકે છે. જે વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદેસર દારૂની પ્રવૃત્તિ ચાલતી હોય, ત્યાં જવાબદાર તંત્ર અને અધિકારીઓની બેદરકારી સામે પણ પારદર્શક અને કડક જવાબદારી નક્કી થવી જોઈએ. આર્થિક વિકલ્પ અને વ્યસનમુક્તિઃ ગરીબી, બેરોજગારી અને વ્યસનના ચક્રમાંથી લોકોને બહાર લાવવા માટે રોજગારીની તકો, કૌશલ્ય વિકાસ અને વ્યસનમુક્તિ કેન્દ્રો જેવી સુવિધાઓને મજબૂત બનાવવી જરૂરી છે. લઠ્ઠાકાંડ એ સમાજ અને વ્યવસ્થા બંને માટે ચેતવણીરૂપ ઘટના છે. સસ્તો નશો અને તંત્રની બેદરકારી જ્યારે ભેગા થાય છે, ત્યારે તેની કિંમત નિર્દોષ લોકોના જીવથી ચૂકવવી પડે છે. દરેક મૃત્યુ પાછળ એક અટકી ગયેલું જીવન અને એક નિરાધાર પરિવાર હોય છે. કાયદાનું કડક અને નિષ્પક્ષ પાલન, ઝેરી રસાયણો પર સખત દેખરેખ, પ્રશાસનિક સતર્કતા અને સામાજિક જાગૃતિ–આ ચારેય સ્તંભો મજબૂત બને ત્યારે જ ભવિષ્યમાં કોઈ પરિવાર ઝેરી દારૂનો ભોગ બનતા અટકી શકે છે.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ઝેરી દારૂના વેપલાએ અનેક પરિવારોના માળા વિખેર્યા છે, પરંતુ રાજ્યના ઇતિહાસનો સૌથી ભયાનક અને મોટો લઠ્ઠાકાંડ જુલાઈ ૨૦૦૯માં અમદાવાદમાં સર્જાયો હતો. આ કરુણ દુર્ઘટનામાં લઠ્ઠો (ઝેરી દારૂ) પીવાના કારણે ૧૩૬થી વધુ નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા, જ્યારે ૨૭૦થી વધુ લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.ઘટનાની વિગતો મુજબ, જુલાઈ ૨૦૦૯ના પ્રથમ સપ્તાહમાં અમદાવાદના પૂર્વ વિસ્તારો જેવા કે ઓઢવ, બહેરામપુરા, મજૂરગામ અને કાગડાપીઠમાં રહેતા શ્રમજીવી વર્ગના લોકોએ દેશી દારૂનું સેવન કર્યું હતું. ખેડા જિલ્લાના મહેમદાવાદથી ૧,૦૦૦ લીટરથી વધુ ઝેરી દારૂનો જથ્થો અમદાવાદમાં ઘુસાડવામાં આવ્યો હતો. આ દારૂમાં નશાની માત્રા વધારવા માટે જીવલેણ રસાયણ 'મિથેનોલ' (Methyl Alcohol) ભેળવવામાં આવ્યું હતું. દારૂ પીધાના થોડા જ કલાકોમાં લોકોને આંખે અંધારા આવવા, ઊલટી થવી અને પેટમાં અસહ્ય દુખાવો થવા જેવા લક્ષણો દેખાવા લાગ્યા હતા. જોતજોતામાં અમદાવાદની સિવિલ અને એલ.જી. હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ ગઈ હતી. શરૂઆતમાં મૃત્યુઆંક ૪૩ હતો, જે ગણતરીના દિવસોમાં વધીને ૧૩૬ને પાર પહોંચી ગયો હતો. આ દુર્ઘટનામાં અનેક લોકોએ કાયમી ધોરણે પોતાની આંખોની રોશની પણ ગુમાવી હતી. આ કાંડ બાદ સમગ્ર રાજ્યમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને પોલીસ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉઠ્યા હતા. તત્કાલીન રાજ્ય સરકારે કડક પગલાં લેતા જવાબદાર પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હતા અને સમગ્ર મામલાની તપાસ માટે તપાસ પંચની રચના કરી હતી. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત રૂપે ગુજરાત સરકારે દારૂબંધીના કાયદામાં સુધારો કરીને ઝેરી દારૂ બનાવનારા અને વેચનારા ગુનેગારો માટે ફાંસીની સજા સુધીની કડક જોગવાઈ દાખલ કરી હતી. ૨૦૦૯નો આ લઠ્ઠાકાંડ આજે પણ ગુજરાતની સૌથી મોટી માનવસર્જિત દુર્ઘટના તરીકે યાદ કરવામાં આવે છે.

### વૃક્ષને વાવનાર

ગામના પ્રવેશદ્વાર પાસે શરૂ થતા મુખ્ય રસ્તાની બાજુમાં એક વર્ષો જૂનું વિશાળ વૃક્ષ હતું. ગામમાં આવતાં-જતાં મુસાફરો તેની છાયામાં આરામ કરતાં, અનેક પક્ષીઓ માળા બાંધતાં અને બાળકો તેનાં મીઠા ફળ ખાતાં. બધાને વૃક્ષ ગમતું અને પોતાનું લાગતું.આ પ્રવેશદ્વાર પાસેનું ઘટાદાર વૃક્ષ ગામની ઓળખ બની ગયું હતું પરંતુ કોઈને ખબર નહોતી કે આ વૃક્ષ કોણે વાવ્યું હતું.

એક દિવસ એક લેખક ત્યાં આવ્યો. તેણે ગામનાં લોકોને પૂછ્યું, ''આટલું સુંદર ઉપયોગી વૃક્ષ કોણે વાવ્યું છે તમને ખબર છે?'' કોઈ જવાબ આપી શક્યું નહીં.

ગામના એક અનુભવી વૃદ્ધે કહ્યું, ''હું નાનો હતો ત્યારથી મેં આ વૃક્ષ અહીં બધાને છાંયો આપતું જોયું છે એટલે અનેક વર્ષો પહેલાં જેણે વાવ્યું છે તેનું નામ કોઈને ખબર નથી અને જેણે વાવ્યું હશે ત્યારે તેને પણ કદાચ ખબર નહીં હોય કે આ વૃક્ષ આવું સુંદર ઘટાદાર થઈને અનેક વર્ષો સુધી લોકોને ઉપયોગી થશે.''

લેખકે કહ્યું, ''મારી એક સલાહ છે તો પછી મારા મત મુજબ તમારે આ વૃક્ષ કોણે વાવ્યું છે તેની સઘન તપાસ કરીને તેમનું નામ શોધીને તેમનો આભાર માનવા અહીં વૃક્ષની બાજુમાં ક્યાંક તેમનું નામ લખવું જોઈએ.જાહેરમાં આભાર માનવો જોઈએ.''

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

અનુભવી વૃદ્ધ બોલ્યા, ''ભાઈ, આ ગામમાં અને આજુબાજુમાં અન્ય ગામોમાં પણ આવાં એક નહિ અનેક વૃક્ષો છે જે કોણે વાવ્યાં અને ક્યારે વાવ્યાં તે કોઈને ખબર નથી અને નિ:સ્વાર્થ સેવાભાવી લોકોએ ભવિષ્યની પેઢી માટે આ વૃક્ષો વાવ્યાં છે અને સમાજ માટે બીજાં પણ અનેક નામ વિના સારાં કામ કર્યાં છે પણ ભાઈ, દરેક સારા કામ પર નીચે નામ લખવું જરૂરી નથી કે આ કામ કોણે કર્યું છે. કેટલીક અમૂલ્ય સેવાઓની ઓળખ તેમના સમાજોપયોગી પરિણામમાં હોય છે, જાહેરાતમાં નહીં.'' લેખકને જીવનમાં એક મહત્ત્વની વાત સમજાઈ. તેણે 'વૃક્ષ વાવનાર' વિશે એક ખાસ લેખ લખ્યો, પણ તેમાં કોઈનું નામ ન હતું. નીચે પોતાનું નામ પણ ન લખ્યું. લેખનું છેલ્લું વાક્ય હતું: ''આવનારી પેઢી માટે અને પર્યાવરણ માટે આવા અજાણ્યા વૃક્ષના વાવનાર અચૂક બનજો અને સાથે સાથે યાદ રાખજો કે જે માણસ પોતાના અસ્તિત્વની સાબિતી આપ્યા વિના બીજાના જીવનમાં છાંયો આપે છે, તે ક્યારેય અજાણ્યો રહેતો નથી. જીવનની સાચી સફળતા પ્રસિદ્ધિ મેળવવામાં નહીં, પરંતુ કોઈના જીવનમાં ઉપયોગી બનવામાં છે''.

# યુક્રેન યુદ્ધમાં ભારતની શાંતિદૂત તરીકે નવી ભૂમિકા : મોસ્કો અને કિવ વચ્ચે દિલ્હી કેટલું સફળ થશે?

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ લાંબા સમયથી ચાલી રહ્યું છે. યુદ્ધના મેદાનમાં હથિયારો, સૈનિકો અને વ્યૂહરચનાઓનો મુકાબલો થઈ રહ્યો છે, પરંતુ હવે આ સંઘર્ષને સમાપ્ત કરવા માટે રાજદ્વારી પ્રયાસો પણ ધીમે ધીમે તેજ બની રહ્યા છે. આ પરિસ્થિતિમાં ભારત પોતાની પરંપરાગત સંતુલિત વિદેશનીતિથી આગળ વધીને શાંતિ સ્થાપનામાં વધુ સક્રિય ભૂમિકા ભજવતું દેખાય છે. ભારત માટે આ માત્ર આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનો પ્રશ્ન નથી, પરંતુ તેના આર્થિક, વ્યૂહાત્મક અને રાષ્ટ્રીય હિતો સાથે પણ સીધો સંબંધ ધરાવે છે.

તાજેતરના રાજદ્વારી સંકેતો દર્શાવે છે કે ભારત મોસ્કો અને કિવ બંને સાથે ઉચ્ચ સ્તરે સંપર્ક જાળવી રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી સાથે વાતચીત કરી છે, જ્યારે ભારતના વિદેશમંત્રી એસ. જયશંકર રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવ સાથે સંપર્કમાં રહ્યા છે. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ પણ બંને દેશો સાથે ઉચ્ચ સ્તરે વાતચીત ચાલી રહી હોવાનું જણાવ્યું છે. આ સંપર્કો માત્ર ઔપચારિક મુલાકાતો સુધી મર્યાદિત નથી, પરંતુ યુદ્ધનાં આર્થિક પરિણામો ઘટાડવા, વેપારી જહાજોની સુરક્ષા, અનાજ અને ઊર્જાની નિકાસને લગતા પ્રશ્નો તથા યુદ્ધવિરામની શક્યતાઓ પર પણ ચર્ચા થઈ રહી છે.

ભારતની મધ્યસ્થીની સંભાવના પાછળ સૌથી મોટું કારણ તેની રશિયા સાથેની લાંબા સમયની મિત્રતા છે. ભારત અને રશિયા વચ્ચે સંરક્ષણ, ઊર્જા, ટેક્નોલોજી અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં ગાઢ સંબંધો છે. બીજી તરફ, યુક્રેન સાથે પણ ભારતે સંબંધો જાળવી રાખ્યા છે.

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

**ભારત માટે આ માત્ર આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનો પ્રશ્ન નથી, પરંતુ તેના આર્થિક, વ્યૂહાત્મક અને રાષ્ટ્રીય હિતો સાથે પણ સીધો સંબંધ ધરાવે છે**

ભારતે પશ્ચિમી દેશોની જેમ રશિયા સામે સંપૂર્ણ રાજકીય એકલતા ઊભી કરવાનો અભિગમ અપનાવ્યો નથી. તેણે પોતાનાં રાષ્ટ્રીય હિતોને પ્રાધાન્ય આપીને બંને પક્ષો સાથે સંવાદ ચાલુ રાખ્યો છે. આ જ સંતુલન આજે ભારત માટે રાજદ્વારી મૂડી બની શકે છે.

આ યુદ્ધ લાંબું ચાલે તો ભારતને પણ અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. રશિયા ભારતને તેલ અને સંરક્ષણ સાધનોનો મહત્ત્વનો પુરવઠો પૂરો પાડે છે. જો યુદ્ધને કારણે રશિયાની આર્થિક અને ઔદ્યોગિક ક્ષમતા નબળી પડે, તો ભારતનાં ઊર્જા અને સંરક્ષણ હિતોને અસર થઈ શકે છે. વધુમાં, રશિયા જો ચીન પર વધુ નિર્ભર બનતું જાય, તો તે ભારત માટે વ્યૂહાત્મક રીતે અનુકૂળ પરિસ્થિતિ નહીં ગણાય. ચીન પહેલેથી જ ભારતનો મોટો પ્રાદેશિક અને વૈશ્વિક સ્પર્ધક છે. રશિયા અને ચીન વચ્ચે વધતી નિકટતા ભારતના લાંબા ગાળાનાં હિતો માટે નવી ચિંતાઓ ઊભી કરી શકે છે.

ભારતની વિશેષતા એ છે કે તે રશિયા સાથે મિત્રતા ધરાવે છે, પરંતુ અમેરિકા, યુરોપિયન યુનિયન અને પશ્ચિમના અન્ય દેશો સાથે પણ તેના સંબંધો મહત્ત્વપૂર્ણ છે. ટ્રમ્પ પણ યુક્રેન યુદ્ધનો અંત લાવીને શાંતિ સ્થાપવાના પ્રયાસોમાં પોતાનું સ્થાન મજબૂત કરવા માગે છે. પરંતુ અમેરિકા અને રશિયા વચ્ચેના તણાવને કારણે સીધી મધ્યસ્થી સરળ નથી. અહીં ભારત માટે સહયોગી રાજદ્વારી ભૂમિકા ભજવવાની તક ઊભી થાય છે.

ભારત અમેરિકા સાથે સંકલન કરીને ચોક્કસ મુદ્દાઓ પર આગળ વધી શકે છે. જો ભારત અને અમેરિકા વચ્ચે આ પ્રકારનો રાજદ્વારી સહયોગ વિકસે, તો તે માત્ર યુક્રેન યુદ્ધના ઉકેલ માટે જ નહીં, પરંતુ ભારત-અમેરિકા સંબંધોને પણ નવી દિશા આપી શકે છે.

ભારત વિશ્વની મોટી આર્થિક શક્તિ તરીકે આગળ વધી રહ્યું છે. તેની વધતી વૈશ્વિક ભૂમિકા માત્ર વેપાર અને રોકાણ સુધી મર્યાદિત રહેવી જોઈએ નહીં. આંતરરાષ્ટ્રીય સંઘર્ષોમાં શાંતિ સ્થાપવામાં યોગદાન આપવું એ પણ એક મહાસત્તા બનવાની પ્રક્રિયાનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. જો ભારત રશિયા અને યુક્રેન વચ્ચે સંવાદ માટે વિશ્વસનીય માર્ગ ઊભો કરી શકે, તો તેની વૈશ્વિક પ્રતિષ્ઠામાં નોંધપાત્ર વધારો થઈ શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# કુંવારાંઓ રાહુલને ખોટા સાબિત કરવા થનગની રહ્યાં છે


ફ્રૂટ લૂઝ, ફેન્સી ફ્રી રાહુલ ગાંધી, જેમની ટંગ પણ લૂઝ છે, એ આ ૧ દોઢ અબજની વસતિ ધરાવતા, દુનિયાના સૌથી મોટા દેશના વિપક્ષના નેતા છે. વિપક્ષના નેતા કેવા હોવા જોઈએ એ એમણે અટલબિહારી વાજપેયી, અડવાણી કે સુષ્મા સ્વરાજની બુકમાંથી શીખવું જોઈએ. દાદી ઈન્દિરા ગાંધીના જીવનમાંથી શીખી શકાય. પરંતુ વાઘ પોતાના ચટાપટ્ટા ત્યજી શકતો નથી તેમ રાહુલ ગાંધી બાલિશતા છોડી શકતા નથી. દુનિયાની તમામ પ્રતિષ્ઠિત આર્થિક બાબતોની સંસ્થાઓ કહે છે કે ભારતનો વિકાસ દર સાત ટકાની આસપાસ છે અને આગામી વરસમાં તે છ મહિનામાં લોકો નરેન્દ્ર મોદીને લાત મારીને ભગાડી મૂકશે. આ એમનું, અનેક નિષ્ફળ ભવિષ્ય-કથનોમાંનું એક હતું. શા માટે લાતો મારશે અને ભગાડી મૂકશે? તે માટેનું કોઈ લોજિક એમની પાસે હોતું નથી. બસ, મગજમાં તુક્કો આવ્યો અને તુરંત જાહેરમાં બકી કાઢ્યો. ફેન્સી ફ્રી. ક્યાંક અખબારો વાંચે, સુજ્ઞ સલાહકારો રાખે અને તેઓની સલાહો માને તો વિપક્ષના નેતાની ઈજ્જત વધે, પરંતુ શરીરની પ્રકૃતિ જ જ્ઞાન અને અભ્યાસ માટેની ન હોય તો પામવું આકાશકુસુમવત્ બને છે. અભ્યાસ વગરનાં વિધાનો પોકળ પુરવાર થાય છે. 'મેઇડ ઇન ઈન્ડિયા'ની છાપ ધરાવતા, એપલ સહિતના સ્માર્ટફોન વરસોથી બજારમાં આવી ચૂક્યા હતા ત્યારે આ નેતાએ મનોરથ વ્યક્ત કર્યો હતો કે એક દિવસ સ્માર્ટફોન પર 'મેઇડ ઇન ઈન્ડિયા' લખેલું હોય એ તેઓ જોવા માગે છે.

એ દિલથી ઇચ્છે છે કે દેશની આર્થિક સ્થિતિ ચોપટ થઈ જાય. વિદેશમાં જઈને પચ્ચીસ પચાસ માણસોના ક્રાઉડ સમક્ષ એ ભારતની આર્થિક સ્થિતિને, રાજકીય સ્થિતિને ગંભીર ગણાવે છે. વરસ ૨૦૨૫ના દિવાળી તહેવારોમાં છ લાખ પાંચ હજાર કરોડ રૂપિયાનો ભારતમાં વેપાર થયો હતો તે એક વિક્રમ હતો. ૨૦૨૬ની દિવાળીમાં વળી નવો વિક્રમ સ્થપાયો છે. ગયા વરસે જે વેપાર થયો હતો તેમાં આ વરસે પંદરથી અઢાર ટકાનો અસાધારણ વધારો નોંધાયો છે અને હવે લગ્નસરાની સીઝન શરૂ થઈ છે. ભારતમાં દર વરસે લગ્નો માટે ૧૩૦થી ૨૦૦ અબજ ડોલર (રૂપિયા નહીં) ખર્ચાય છે. આ વરસે પણ લગ્ન-સંબંધિત ખરીદી શરૂ થઈ ચૂકી છે. ઇલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઇલ્સ, વસ્ત્રો, આભૂષણો વગેરેની મોટી ડિમાન્ડ નિકળી છે અને એ ચીજવસ્તુઓના વેચાણમાં ડબલ ડિજિટ (બે આંકડા) વધારો થશે તે આજની ડિમાન્ડ પરથી જોઈ શકાય છે. મોટરકાર અને બાઇકસનું નિર્માણ કરતી કંપનીઓનું કહેવું છે કે નવરાત્રિ અને દિવાળીના તહેવારો બાદ પણ લગ્નની મોસમને કારણે ખરીદીમાં ઉત્સાહની તરાહ (ટ્રેન્ડ) જળવાઈ રહી છે. દસ ટકા વેચાણવૃદ્ધિની ધારણા છે.

મોટરબાઇક કંપની રોયલ એન્ફીલ્ડનું હિમાલયન ૪૫૦ બાઇકનું હવે પછીના છ મહિનાનું ઉત્પાદન બુક થઈ ગયું છે. કંપનીની અન્ય શ્રેણીની બાઇકોમાં બે મહિનાનું વેઇટિંગ લિસ્ટ ચાલે છે.

કંપનીએ ગણેશ ચતુર્થી અને ધનતેરસ વચ્ચેના સમયગાળામાં ચાર લાખ વાહનો વેચ્યાં છે અને હવે અઢી લાખ ઓર્ડર વેઇટિંગ લિસ્ટમાં છે. મારુતિ સુઝુકી આ વરસે, ગયા વરસની સરખામણીમાં દસ ટકા વધુ વાહનો વેચશે. મારુતિ સુઝુકીના ડીલરો પાસે માત્ર સાત દિવસમાં વેચાઈ જાય એટલો જ સ્ટોક બાકી છે. કંપની સામાન્ય રીતે એકવીસથી પચ્ચાસ દિવસ ચાલે એટલો માલ (વાહનો) રાખતી હોય છે.

ગ્રાહકો દ્વારા થતી પૂછપરછ અને ખરીદી કરવાની ઇચ્છામાં જુવાળ આવ્યો છે. ઘણા શોરૂમ તો વેચાણ થઈ જવાથી ખાલી પડ્યા છે. ૨૦૨૪માં વિશ્વપ્રસિદ્ધ 'ધ ઇકોનોમિસ્ટ' સાપ્તાહિકે ભારતનો લગ્ન-સંબંધિત ઉદ્યોગ ૧૩૦ અબજ ડોલરનો છે એવું ગણિત રજૂ કર્યું હતું. ૨૦૨૪માં આર્થિક ક્ષેત્રે અસ્થિરતા હતી તે આજે પણ ચાલુ છે. જો કે ચૂંટણીઓ હાર્યા બાદ ટ્રમ્પનું ગાંડપણ હળવું થયું છે અને હાલ તુરંત સ્થિતિ થોડી સ્થિર બની છે. આ વરસે લગ્નોની મોસમમાં બસ્સો અબજ ડોલર વપરાશે. આ ધારણા સાથે આભૂષણ, કપડાં, ટ્રાવેલ, કેટરિંગ, હોટેલ, મેરેજ પ્લાનિંગ, ગિફ્ટિંગ સેક્ટરો આગળ વધી રહ્યાં છે.



ચે મેરા ઇન્ડિયા
વિન્સી મરચન્ટ

**ક્યાંક અખબારો વાંચે, સુજ્ઞ સલાહકારો રાખે અને તેઓની સલાહો માને તો વિપક્ષના નેતાની ઈજ્જત વધે, પરંતુ શરીરની પ્રકૃતિ જ જ્ઞાન અને અભ્યાસ માટેની ન હોય તો પામવું આકાશકુસુમવત્ બને છે**

તેઓએ રાહુલ ગાંધીને ગંભીરતાથી લેવાને બદલે એમનું ભવિષ્યકથન ટોઈલેટની સીટમાં ફ્લશ-આઉટ કરી દીધું છે. ગયા વરસની સરખામણીમાં આ વરસે નવેમ્બર-ડિસેમ્બરમાં લગ્ન માટેની શુભ તિથિઓ અથવા મુહૂર્તો ઓછાં છે. પરંતુ ચીજ-સેવાઓની ડિમાન્ડ વધારે છે. ગ્રામ્ય માર્કેટ્સની ડિમાન્ડ પણ મજબૂત છે. ઉનાળાની સરખામણીમાં શિયાળામાં લગ્નની મોસમ વધુ ખીલે છે.

હ્યુન્ડાઈ મોટર્સ, ટાટા મોટર્સ વગેરે પણ વરસ સારું નિવડવાનું છે તેમ વિશ્વાસપૂર્વક જણાવે છે. વીજળી-ચાલિત વાહનોની ડિમાન્ડ વધી રહી છે. છેલ્લા નવ મહિનાથી બુલિશ ટ્રેન્ડ જોવા મળે છે. મીઠાઈ, રસોઈ, કરિયાવર વગેરે માટેની ચીજોની ડિમાન્ડમાં તેજી છે. વાડીઓ અને હોલ બુક થઈ રહ્યાં છે. ટાઇમ આગળ વધે તે પહેલાં પરણવું હોય તો રાહુલ ગાંધી માટે આ ઉત્સવની સીઝન છે, પરંતુ તેમ કરે તો દેશના અર્થતંત્રને પોતે ફાયદો પહોંચાડ્યો છે એવું સમજી બેસશે અને માટે એ લગ્ન નહીં કરે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### તાપી નદીનું માતા તરીકે સન્માન જાળવવું જોઈએ

સૂર્યપુત્રી તાપી નદી સુરતની જીવાદોરી છે. શહેરની પાણીની જરૂરિયાત પૂરી કરતી આ નદીને આપણે તાપીમાતા કહીએ છીએ. તેના પ્રાગટ્ય દિવસે ચૂંદડી પણ અર્પણ કરીએ છીએ, પરંતુ બીજી તરફ તેને પ્રદૂષિત કરવામાં કોઈ કસર બાકી રાખતા નથી! તાજેતરમાં 'ગુજરાતમિત્ર'ના અહેવાલ મુજબ તાપીમાં ધાર્મિક વસ્તુઓના ઢગલા વિસર્જિત કરવામાં આવ્યા છે. ક્યાંક ગટરનાં સીધાં જોડાણો તો ક્યાંક કારખાનાંનો પ્રવાહી કચરો પણ નદીમાં ઠાલવવામાં આવે છે. આ કેવી માતૃભક્તિ? માત્ર તાપી જ નહીં, કેદારનાથ જેવા પવિત્ર યાત્રાધામમાં પણ શ્રદ્ધાળુઓ દ્વારા રેકોર્ડબ્રેક કચરો ઠાલવવામાં આવ્યો હોવાના અહેવાલ છે. પ્રવાસ અને શ્રદ્ધાના નામે પ્રકૃતિને પ્રદૂષિત કરવાનો અધિકાર કોઈને નથી. તાપીના પુલ પર કચરો નદીમાં ન પડે તે માટે જાળી અને કચરાપેટીની વ્યવસ્થા હોવા છતાં કેટલાક લોકો જાળીમાં પ્લાસ્ટિકની કોથળી ભેરવી કચરો નદીમાં ફેંકે છે! તાપીમાતાને પૂજતાં હોઈએ તો તેમની સ્વચ્છતા જાળવવાની જવાબદારી પણ નિભાવવી જોઈએ. નદીમાં વસતાં જળચરોનો પણ તેના પર એટલો જ અધિકાર છે. માતાની પૂજા ચૂંદડી ચઢાવવાથી નહીં, પણ તેને સ્વચ્છ રાખવાથી સાર્થક થશે.

**સુરત - નેહા શાહ**

### શહેરનાં જાહેર ઉદ્યાનો

સુરત મહાનગર પાલિકા શહેરના વિસ્તાર - વસ્તી - વધારા સાથે નવા બાગ-બગીચાનું નિર્માણ કરે છે. તેને માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. પરંતુ તેની યોગ્ય જાળવણીના અભાવે શહેરીજનો માટે તેનો ઉપયોગ મુશ્કેલ બન્યો છે. બાગ-બગીચાની જાળવણી સારી રીતે થાય તે માટે યોગ્ય સૂચનાઓ, નિયમો વગેરે બોર્ડ પર દર્શાવવામાં આવતાં તે હાલમાં જોવા મળતાં નથી. સીક્યોરીટી સ્ટાફ અપૂરતો તથા બિનકાર્યક્ષમ જોવા મળે છે. નિયમ મુજબ બાગ-બગીચા - જાહેર સ્થળોમાં ધૂમ્રપાન પ્રતિબંધિત છે. પરંતુ આવાં સ્થળો પર ટોળાંમાં ધૂમ્રપાન થતું હોય છે જેનાથી અન્ય મુલાકાતીઓને મુશ્કેલી પડે છે. નિયમ મુજબ બાગ-બગીચામાં જન્મદિન ઉજવણી કેક કટીંગ ક્રિકેટ જેવી રમતો રમી શકાતી નથી છતાં આવી પ્રવૃત્તિઓ બેરોકટોક ચાલતી રહે છે. બેઠક વ્યવસ્થા - પાર્કિંગ - સફાઈ - શૌચાલય - પાણી જેવી સુવિધાનો સદંતર અભાવ જોવા મળે છે. નવા તથા અગાઉનાં બધા બાગ-બગીચાઓની યોગ્ય જાળવણી થવી જોઈએ. તંત્ર આ બાબત પર ધ્યાન આપી જરૂરી કાર્યવાહી કરે તો આવાં જાહેર સ્થળો અસામાજિક તત્ત્વોનો અડ્ડો ન બની શકે. શહેરીજનો તેનો યથાયોગ્ય ઉપયોગ કરી શકે.

**સુરત - સુંદર ચંદ્રકાંત ભટ્ટ**

### પેટ્રોલનો વિકલ્પ ઈથેનોલ બની શકશે?

મિડલ ઈસ્ટના યુદ્ધને કારણે પેટ્રોલ અને ડીઝલના પુરવઠા પર અસર થવાની ચિંતા વધી છે. ક્રૂડ ઓઈલની વધતી આયાત ભારતના વિદેશી મુદ્રા ભંડાર પર બોજ બની રહી છે. આવા સંજોગોમાં પેટ્રોલમાં 